સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

C U R R E N T   A F F A I R S

WEEK 20 (15/05/22 to 21/05/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

## સામાન્ય વિજ્ઞાન

• વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે •
[ MCQ BOOSTER ]

### પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**15 MAY-2022**

- દિવસ મહિમા : 15 મે, વિશ્વ પરિવાર દિવસ (International Day of Families) ........ 02
- ભારતનું પ્રથમ ઓર્ગેનિક વેસ્ટ ઇલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ સ્ટેશન મુંબઈમાં લોન્ચ કરવામાં આવ્યું ........ 02
- વૈશ્વિક ખાદ્ય નીતિ રિપોર્ટ : IFPRI ........ 02
- QUESTION ANSWERS ........ 05

**16 MAY-2022**

- દિવસ મહિમા : 16 મે, આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ (International Day of Light), વિશ્વ કૃષિ-પર્યટન દિવસ (world Agri- Tourism Day), રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (International Dangue Day), વૈશાખ સુદ પૂનમ, બુદ્ધ પૂર્ણિમા ........ 06
- શ્રીલંકાના નવા વડાપ્રધાન : શ્રી રાનિલ વિક્રમસિંઘે ........ 06
- ગગનયાન મિશન માટે HS200 સોલિડ રોકેટ બૂસ્ટર ........ 07
- QUESTION ANSWERS ........ 11

**17 MAY-2022**

- દિવસ મહિમા : 17 મે, વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ અથવા વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ અથવા વિશ્વ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ, વિશ્વ હાઈપર ટેન્શન દિવસ (World Hypertension Day) ........ 12
- ભારતે પ્રથમ વખત થોમસ કપનો ખિતાબ જીત્યો ........ 12
- શ્રી ફ્રેન્ક વિલ્ઝેક 2022નો ટેમ્પલટન પુરસ્કાર જીત્યો ........ 13
- પટવઈ ભારતનું પ્રથમ અમૃત સરોવર બન્યુ ........ 14
- QUESTION ANSWERS ........ 16

**18 MAY-2022**

- દિવસ મહિમા : 18 મે, આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day), વિશ્વ એઈડ્સ રસી દિવસ (World AIDS Vaccine Day) અથવા HIV રસી જાગૃતિ દિવસ (HIV Vaccine Awarness Day) ........ 17
- સુશ્રી એલિઝાબેથ બોર્ન ફ્રાન્સના નવા વડાપ્રધાન બન્યો ........ 17
- ભારતનું પ્રથમ 5G ટેસ્ટબેડ ........ 18
- QUESTION ANSWERS ........ 19

**19 MAY-2022**

- INS સુરત અને INS ઉદયગીરી યુદ્ધ જહાજ ........ 20
- બાંગ્લાદેશે ભારતને ચટગાંવ બંદરની ઓફર કરી ........ 21
- ઈટાલિયન ઓપન 2022 ........ 22
- QUESTION ANSWERS ........ 23

**20 MAY-2022**

- દિવસ મહિમા : 20 મે, વિશ્વ મધમાખી દિવસ (World Bee Day), વિશ્વ માપ વિજ્ઞાન દિવસ (World Metrology Day) ........ 24
- રાજસ્થાનના રામગઢ વિષધારી વન્યજીવ અભયારણ્યને વાઘ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યુ છે ........ 24
- સિઓલ વન ઘોષણા (Seoul Forest Declaration) ........ 25
- QUESTION ANSWERS ........ 27

**21 MAY-2022**

- દિવસ મહિમા : 21 મે, આતંકવાદ વિરોધી દિન (Anti Terrorism Day), આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day), સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ ........ 28
- શ્રી એસ. એસ. મુંદ્રા BSE ના નવા અધ્યક્ષ બન્યા ........ 29
- QUESTION ANSWERS ........ 30

**ONLINER** ........ 31

**QUESTION OF THIS WEEK** ........ 36


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 મે, (1) વિશ્વ પરિવાર દિવસ (International Day of Families)

## ભારતનું પ્રથમ ઓર્ગેનિક વેસ્ટ ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ સ્ટેશન મુંબઈમાં લોન્ચ કરવામાં આવ્યું



જૈવિક કચરા અથવા ઓર્ગેનિક વેસ્ટ પર ચાલતા ભારતના પ્રથમ ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ સ્ટેશનનું ઉદ્‌ઘાટન મહારાષ્ટ્રના પર્યટન મંત્રી શ્રી આદિત્ય ઠાકરે દ્વારા મુંબઈના કેશવરાવ ખાડે માર્ગ ખાતે કરવામાં આવ્યું છે.

- આ ઓર્ગેનિક વેસ્ટ–સંચાલિત ચાર્જિંગ સ્ટેશન એરકોર કલીન એનર્જી અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના વોર્ડ ડી દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવ્યું છે.
- આ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ 220 યુનિટ એનર્જી જનરેટ કરે છે અને સ્ટ્રિટ લાઈટને પાવર આપે છે.
- તેની સ્થાપના વર્ષ 2021માં વીજળી ઉત્પન્ન કરવા માટે કરવામાં આવી હતી.
- હવે આ પ્લાન્ટ EV ચાર્જિંગ સ્ટેશન તરીકે પણ કામ કરશે.
- EV માલિકોને વ્યાજબી કિંમતે ચાર્જિંગ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ પ્લાન્ટ લગભગ દરરોજ 80 થી 110 ક્યુબિક મીટર ગેસ પણ ઉત્પન્ન કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વૈશ્વિક ખાદ્ય નીતિ રિપોર્ટ : IFPRI

તાજેતરમાં ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (IFPRI)એ 'વૈશ્વિક ફૂડ પોલિસી રિપોર્ટ : ક્લાઈમેન્ટ ચેન્જ એન્ડ ધ ફૂડ સિસ્ટમ' રજૂ કર્યો છે.

- આ રિપોર્ટ દર્શાવે છે કે આબોહવા પરિવર્તનને કારણે ભારતમાં ભૂખમરાનું જોખમ 2030 સુધીમાં 23% વધી શકે છે.

## રિપોર્ટના મુખ્ય તારણો

### ભારત

આબોહવા પરિવર્તનને કારણે ભારતનું ખાદ્ય ઉત્પાદન 2030 સુધીમાં 16% ઘટી શકે છે અને ભૂખમરાના જોખમમાં રહેલા લોકોની સંખ્યામાં 23%નો વધારો થઈ શકે છે.

- આ અંદાજ એક મોડેલનો ભાગ છે જેનો ઉપયોગ ખાદ્ય ઉત્પાદન, ખાદ્ય વપરાશ (દિવસ દીઠ વ્યક્તિ દીઠ કિલોકેલરી), મુખ્ય ખાદ્ય કોમોડિટી જૂથોના ચોખ્ખા વેપાર અને ભૂખમરાના જોખમમાં રહેલી વસતી પર આબોહવા પરિવર્તનની અસરોનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવા માટે ઉપયોગમાં લેવાયું હતું.
- 2030માં ભૂખમરાથી પીડિત ભારતીયોની સંખ્યા વધીને 73.9 મિલિયન થવાની ધારણા છે અને જો આબોહવા પરિવર્તનની અસરોને સામેલ કરવામાં આવે તો તે વધીને 90.6 મિલિયન થઈ જશે.
- આ સંજોગોમાં એકંદર ખાદ્ય ઉત્પાદન સૂચકાંક 1.6 થી ઘટીને 1.5 થશે.
- ખાદ્ય ઉત્પાદન સૂચકાંકમાં એવા ખાદ્ય પાકોનો સમાવેશ થાય છે જેને ખાદ્ય ગણવામાં આવે છે અને તેમાં પોષક તત્ત્વ હોય છે, કોફી અને ચાને તેમાંથી બાકાત રાખવામાં આવે છે કારણ કે તે ખાદ્ય હોવા છતાં પોષક મૂલ્ય ધરાવતી નથી.
- એક સકારાત્મક નોંધ એ છે કે આબોહવા પરિવર્તન ભારતીયોના સરેરાશ કેલરીના વપરાશને અસર કરશે નહીં અને તે આબોહવા પરિવર્તનના સંજોગોમાં પણ 2030 સુધીમાં પ્રતિ વ્યક્તિ દીઠ 2,600 કિલોકેલરી હોવાનો અંદાજ છે.
- વર્ષ 2100 સુધીમાં સમગ્ર ભારતમાં સરેરાશ તાપમાન $2.4^0$C થી $4.4^0$C ની રેન્જમાં વધવાનો અંદાજ છે.
- તેવી જ રીતે ભારતમાં ગરમીના મોજા વર્ષ 2100 સુધીમાં ત્રણ ગણા થવાનો અંદાજ છે.

### વૈશ્વિક

આધારભૂત અંદાજો દર્શાવે છે કે આબોહવા પરિવર્તનના સંદર્ભમાં વૈશ્વિક ખાદ્ય ઉત્પાદન 2010ના સ્તરથી 2050 સુધીમાં લગભગ 60% વધશે.

- વસતી અને આવકમાં અંદાજિત વધારો વિકાસશીલ દેશોમાં ખાસ કરીને આફ્રિકામાં વિકસિત દેશોની તુલનામાં ઉત્પાદન અને માંગમાં વધારો કરવાનો અંદાજ છે.
- ઉચ્ચ આવક ધરાવતા દેશો વધુ ફળો અને શાકભાજી, પ્રોસેસ્ડ ફૂડ્સ અને પ્રાણી–સ્ત્રોત ખોરાક સહિત ઉચ્ચ આહાર મૂલ્ય ધરાવતા ખોરાક તરફ આગળ વધી રહ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- દક્ષિણ એશિયા અને પશ્ચિમ તથા મધ્ય આફ્રિકામાં માસનું ઉત્પાદન 2030 સુધીમાં બમણુ અને 2050 સુધીમાં ત્રણ ગણું થવાનો અંદાજ છે.
- આ વધારા છતા વિકાસશીલ દેશોમાં માથાદીઠ વપરાશનું સ્તર વિકસિત દેશો કરતા અડધા કરતા ઓછું હશે.
- પ્રોસેસ્ડ ફૂડની માંગ તેલીબિયાં પાકોના ઉત્પાદનોમાં પણ પ્રતિબિંબિત થાય છે. 2050 સુધીમાં દક્ષિણપૂર્વ એશિયા અને પશ્ચિમ અને મધ્ય આફ્રિકામાં ઉત્પાદન બમણાથી વધુ થવાની ધારણા છે.

નોંધ: (1) 1975મા સ્થપાયેલ ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (IFPRI) વિકાસશીલ દેશોમાં ગરીબી ઘટાડવા, ભૂખમરો અને કુપોષણનો અંત લાવવા સંશોધન આધારિત નીતિ ઉકેલો પ્રદાન કરે છે.

(2) IFPRIનું વિઝન ભૂખમરો અને કુપોષણથી મુક્ત વિશ્વનું નિર્માણ કરવાનું છે.



1. 'વિશ્વ પરિવાર દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 14 મે (B) 15 મે (C) 16 મે (D) 17 મે (B)

2. તાજેતરમાં ભારતનું પ્રથમ ઓર્ગેનિક વેસ્ટ ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) ચાર્જિંગ સ્ટેશન કયા સ્થળે લોન્ચ કરવામાં આવ્યું છે ?

(A) મુંબઈ (B) વડોદરા (C) જોધપુર (D) ભોપાલ (A)

3. તાજેતરમાં ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (IFPRI)એ 'વૈશ્વિક ફૂડ પોલિસી રિપોર્ટ : ક્લાઈમેન્ટ ચેન્જ એન્ડ ધ ફૂડ સિસ્ટમ' રજૂ કર્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ દર્શાવે છે કે આબોહવા પરિવર્તનને કારણે ભારતનું ખાદ્ય ઉત્પાદન 2030 સુધીમાં 16% ઘટી શકે છે.

2. આ રિપોર્ટ દર્શાવે છે કે આબોહવા પરિવર્તનને કારણે ભારતમાં ભૂખમરાનું જોખમ 2030 સુધીમાં 23% વધી શકે છે.

3. આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક દષ્ટિએ એક આધારભૂત અંદાજો દર્શાવે છે કે આબોહવા પરિવર્તનના સંદર્ભમાં વૈશ્વિક ખાદ્ય ઉત્પાદન 2010ના સ્તરથી 2050 સુધીમાં લગભગ 60% વધશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 16 મે, (1) આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ (International Day of Light)**
**(2) વિશ્વ કૃષિ-પર્યટન દિવસ (world Agri- Tourism Day)**
**(3) રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ (National Dengue Day)**
**(4) વૈશાખ સુદ પૂનમ, બુદ્ધ પૂર્ણિમા**

## શ્રીલંકાના નવા વડાપ્રધાન : શ્રી રાનિલ વિક્રમસિંઘે



12 મે, 2022ના રોજ શ્રી રાનિલ વિક્રમસિંઘેએ શ્રીલંકાના 26મા વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા.

- તેમણે દેશની અર્થવ્યવસ્થાને સ્થિર કરવા અને ચાલી રહેલી રાજકીય ઉથલપાથલનો અંત લાવવા માટે વડાપ્રધાન તરીકેના શપથ લીધા હતા.
- શ્રી રાનિલ વિક્રમસિંઘે શ્રીલંકાના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મહિન્દા રાજપક્ષેનું સ્થાન લીધુ છે.

### શ્રી રાનિલ વિક્રમસિંઘે

શ્રી રાનિલ વિક્રમસિંઘેનો જન્મ 24 માર્ચ, 1949ના રોજ કોલંબો ખાતે થયો હતો.

- તેઓ યુનાઈટેડ નેશનલ પાર્ટીના નેતા છે.
- શ્રી રાનિલ વિક્રમસિંઘે અગાઉ ચાર વખત શ્રીલંકાના વડાપ્રધાન રહી ચૂક્યા છે અને આ તેમનો પાંચમો કાર્યકાળ છે.
- તેમણે અગાઉ 1993 થી 1994, 2001 થી 2004, 2015 થી 2018 અને 2018 થી 2019 સુધી શ્રીલંકાના વડાપ્રધાન તરીકે સેવા આપી હતી.
- આ ઉપરાંત તેમણે શ્રીલંકાના વિપક્ષના નેતા તરીકે પણ સેવા આપી છે.

### શ્રી મહિન્દા રાજપક્ષે શા માટે રાજીનામુ આપ્યું ?

તાજેતરમાં શ્રીલંકાના ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મહિન્દા રાજપક્ષે શ્રીલંકાના વડાપ્રધાન પદેથી રાજીનામુ આપ્યું હતું.

- આર્થિક સંકટ વચ્ચે શ્રીલંકાના નાગરિકો વડાપ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા હતા અને વિરોધ પ્રદર્શન અને હિંસા ઉગ્ર બની હતી.
- આ ઉપરાંત શ્રીલંકાના વર્તમાન રાષ્ટ્રપતિ શ્રી ગોટાબાયા રાજપક્ષે ઈચ્છતા હતા કે વડાપ્રધાન રાજીનામુ આપે, કારણ કે શ્રીલંકામાં આર્થિક કટોકટીના ઉકેલ માટે માર્ગ મોકળો કરી શકાય.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રીલંકામાં સતત વિરોધ શા માટે થઈ રહ્યો છે ?

શ્રીલંકા વર્તમાન આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યું છે.

- શ્રીલંકા ખોરાક અને ઈંધણની વ્યાપક અછત તેમજ વધતી જતી મોંઘવારી અને આવશ્યક ચીજવસ્તુઓના આસમાનને આંબી રહેલા ભાવોનો સામનો કરી રહ્યું છે.
- દેશમાં કલાકો સુધી વીજકાપનો સામનો કરવો પડી રહ્યો છે.
- આથી, શ્રીલંકાના નાગરિકો દેશભરમાં સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.
- કોલંબો સહિત અન્ય સ્થળોએ આંગચાંપીના બનાવો બન્યા હતા તથા અન્ય નેતાઓના ઘરો પર પણ હુમલા કર્યા હતા.

## ગગનયાન મિશન માટે HS200 સોલિડ રોકેટ બૂસ્ટર

તાજેતરમાં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)એ ગગનયાન કાર્યક્રમ માટે હ્યુમન–રેટેડ સોલિડ રોકેટ બૂસ્ટર (HS200)નું સ્થિર પરીક્ષણ પૂરું કર્યુ છે.

### HS200 સોલિડ રોકેટ બૂસ્ટર



બૂસ્ટર એન્જિન એ GSLV MK-III રોકેટનો એક ભાગ છે જે ભારતીય આવકાશયાત્રીઓને અવકાશમાં લઈ જશે.

- ગગનયાન મિશન માટે ઉપયોગમાં લેવાતા GSLV MK-III રોકેટમાં બે HS200 બૂસ્ટર હશે જે લિફ્ટ–ઓફ માટે થ્રસ્ટ પ્રદાન કરશે.
- HS200 એ 20 મીટર ઊંચુ નક્કર બૂસ્ટર છે જેનો વ્યાસ 3.2 મીટર છે.
- તે નક્કર પ્રોપેલન્ટનો ઉપયોગ કરનાર વિશ્વનું બીજું સૌથી મોટુ પાવર્ડ બૂસ્ટર છે.
- HS200 સેટેલાઈટ લોન્ચ વ્હીકલ એ GSLV MK-III ના S200 રોકેટ બૂસ્ટરનું માનવ–રેટેડ સંસ્કરણ છે જે LVM3 તરીકે ઓળખાય છે.
- ગગનયાન એક ક્રૂડ મિશન હોવાથી GSLV MK-III માં 'માનવ રેટિંગ' (Human Rating) જરૂરિયાતોને પહોંચી વળવા તેની વિશ્વસનીયતા અને સલામતીને વધારવામાં આવશે.
- S200 મોટર–LVM3 પ્રક્ષેપણ વાહનનો પ્રથમ તબક્કો જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ (GEO)માં 4000 કિલોના ઉપગ્રહ લઈ જવા માટે રચાયેલ છે અને તેનો આકાર સ્ટ્રેપ–ઓન રોકેટ બૂસ્ટર જેવો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પ્રક્ષેપણ વાહનના પ્રથમ તબક્કાનું આ પૂર્ણ– અવધિનું પરીક્ષણ ગગનયાન કાર્યક્રમના ઉદ્દેશ્યને હાંસલ કરવા માટે એક સીમાચિહ્નરૂપ છે.
- HS200 બૂસ્ટરની ડિઝાઈન અને વિકાસ કેરળના તિરુવનંતપુરમમાં વિક્રમભાઈ સારાભાઈ સ્પેસ સેન્ટર (VSSC) ખાતે પૂર્ણ કરવામાં આવ્યુ હતું અને પ્રોપેલન્ટનું નિર્માણ શ્રી હરિકોટા ખાતે કરવામાં આવ્યુ હતું.
- LVM-3ના ત્રણ પ્રોપલ્શન તબક્કાઓમાંથી માનવ–રેટેડ સંસ્કરણએ બીજો તબક્કો છે જે લિક્વિડ પ્રોપેલન્ટ સાથે L110-E તરીકે ઓળખાય છે.
- અને ક્રાયોજેનિક પ્રોપેલન્ટ સાથેનો ત્રીજો તબક્કો C25-G યોગ્યતાના અંતિમ તબક્કામાં છે, જેમાં સ્ટેટિક ફાયરિંગ સાથે પરીક્ષણનો સમાવેશ થાય છે.

## ગગનયાન મિશન



ગગનયાન એ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)નું એક મિશન છે.

- ગગનયાન શેડ્યુલ હેઠળ આ મિશન વર્ષ 2023માં લોન્ચ થશે.
- આ મિશન અંતર્ગત ત્રણ અવકાશ મિશન ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે.
- આ ત્રણ અવકાશ મિશનમાંથી બે અમાનવ અવકાશ મિશન અને એક માનવરહિત મિશન હશે.
- માનવ અંતરિક્ષ ઉડાન કાર્યક્રમ જેને ઓર્બિટલ મોડ્યુલ કહેવામાં આવે છે, તેમાં એક મહિલા સહિત ત્રણ ભારતીય અવકાશયાત્રીઓ હશે.
- આ મિશન 5-7 દિવસના સમયગાળામાં પૃથ્વીથી 300-400 કિ.મીની ઊંચાઈ પર પૃથ્વીની નીચી ભ્રમણકક્ષા (લો અર્થ ઓર્બિટ)માં પરિભ્રમણ કરશે.

## પેલોડ

આ મિશન બે પેલોડમાં શામેલ હશે :

(1) ક્રૂ મોડ્યુલ : માણસને વહન કરતું અવકાશયાન

(2) સર્વિસ મોડ્યુલ : બે લિક્વિડ પ્રોપેલન્ટ એન્જિન દ્વારા સંચાલિત

- તે ઈમરજન્સી એક્ઝિટ અને ઈમરજન્સી મિશન એબોર્ટ સિસ્ટમથી સજ્જ હશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોન્ચ

ત્રણ તબક્કાના GSLV MK-IIIનો ઉપયોગ ગગનયાન પ્રક્ષેપણ માટે કરવામાં આવશે, જે ભારે ઉપગ્રહો લોન્ચ કરવા સક્ષમ છે.

## રશિયામાં તાલીમ

જૂન, 2019માં ISROના હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર અને રશિયન સરકારની માલિકીની ગ્લાવકોમોસે ભારતીય અવકાશયાત્રીઓની તાલીમ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

- જેમાં ઉમેદવારોની પસંદગીમાં રશિયાના સમર્થન, પસંદગીના મુસાફરોની તબીબી તપાસ અને અવકાશ તાલીમનો સમાવેશ થાય છે.
- અવકાશયાત્રીઓ તરીકે પસંદ કરાયેલા ઉમેદવારો સોયુઝ (Soyuz) માનવ સંચાલિત અવકાશયાનની સિસ્ટમનો વિગતવાર અભ્યાસ કરશે.
- તેમજ IL-76MDK એરક્રાફ્ટ પર ટૂંકા ગાળાના વજનહીનતા મોડમાં તાલીમ આપશે.

નોંધ: (1) સોયુઝ એ એક રશિયન અવકાશયાન છે જે લોકોને અવકાશ સ્ટેશન પર લઈ જવા અને પાછા લઈ આવવા તથા અન્ય સામગ્રી સપ્લાય કરે છે.

(2) IL-76MDK એ લશ્કરી પરિવહન વિમાન છે જે ખાસ કરીને તાલીમાર્થી અવકાશયાત્રીઓ અને અન્ય અવકાશ પ્રવાસીઓની પેરાબોલિક ફ્લાઈટ માટે રચાયેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મિશનનું મહત્વ

તે દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનું સ્તર વધારવામાં મદદ કરશે અને યુવાનોને પ્રોત્સાહિત કરશે.

- ગગનયાન મિશનમાં વિવિધ એજન્સીઓ, પ્રયોગશાળાઓ, ઉદ્યોગો અને વિભાગો સામેલ હશે.
- તેનાથી ઔદ્યોગિક વિકાસમાં સુધારો કરવામાં મદદ મળશે.
- અવકાશક્ષેત્રમાં ખાનગી ભાગીદારીને સુધારવા માટે સરકારે તાજેતરમાં એક નવી સંસ્થા IN-SPACE ની રચના કરવાની જાહેરાત કરી છે.
- તે સામાજિક લાભો માટે ટેકનોલોજીના વિકાસમાં મદદ કરશે.
- તે એક આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે.

## GSLV MK-III

**<u>GSLV MK-III</u>** એ <u>ત્રણ ચરણનું</u> ઈસરો દ્વારા વિકસાવવામાં આવેલું રોકેટ છે.

- આ ત્રણ ચરણના રોકેટમાં પહેલાં ચરણમાં બે <u>નક્કર ઈંધણવાળા ચેમ્બર</u> છે.
- <u>બીજા ચરણ</u>માં આ રોકેટમાં <u>તરલ ઈંધણવાળ પ્રણોદક</u> છે.
- અને ત્રીજા ચરણમાં ક્રાયોજેનિક એન્જિન લગાવેલુ છે.
- આ રોકેટ <u>4 ટન</u> અથવા તો <u>4000 કિલોગ્રામ</u> વજન સુધીના ઉપગ્રહોને ઉચ્ચ કક્ષામાં તરતા મૂકી શકે છે.
- જ્યારે આ રોકેટ દ્વારા <u>10 ટન</u> અથવા તો <u>10,000 કિલોગ્રામ</u> સુધીના ઉપગ્રહોને નીચલી કક્ષામાં સ્થાપિત કરી શકાય છે.
- GSLV નું પૂરું નામ <u>'Geosynchronous Satellite Launch Vehicle'</u> છે.
- નોંધનીય છે કે GSLV MK-III ને લોન્ચ વ્હીકલ <u>માર્ક-3</u> અથવા <u>LVM-3</u> પણ કહેવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'આંતરરાષ્ટ્રીય પ્રકાશ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 મે (B) 14 મે (C) 16 મે (D) 17 મે — (C)

2. 'વિશ્વ કૃષિ– પર્યટન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે — (B)

3. 'રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 મે (B) 16 મે (C) 17 મે (D) 18 મે — (B)

4. 'બુદ્ધ પૂર્ણિમા' તરીકે કઈ પૂનમ ઉજવાય છે ?

(A) વૈશાખ સુદ પુનમ (B) ચૈત્ર સુદ પૂનમ (C) ફાગણ સુદ પૂનમ (D) અષાઢ સુદ પૂનમ — (A)

5. તાજેતરમાં શ્રી રાનિલ વિક્રમસિંઘે કયા દેશના વડાપ્રધાન બન્યા છે ?

(A) નેપાળ (B) શ્રીલંકા (C) ઈન્ડોનેશિયા (D) માલદીવ — (B)

6. તાજેતરમાં ISROએ ગગનયાન મિશન માટે સોલિડ HS200 રોકેટ બૂસ્ટરનું સ્થૈતિક અથવા સ્થિર પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે GSLV MK-III રોકેટનો એક ભાગ છે જે ભારતીય અવકાશયાત્રીઓને અવકાશમાં લઈ જશે.
2. ગગનયાન મિશન માટે ઉપયોગમાં લેવાતા GSLV MK-III રોકેટમાં બે HS200 બૂસ્ટર હશે જે લિફ્ટ– ઓફ માટે થ્રસ્ટ પ્રદાન કરશે.
3. HS200 એ 20 મીટર ઊંચુ નક્કર બૂસ્ટર છે જેનો વ્યાસ 3.2 મીટર છે.
4. તે નક્કર પ્રોપેલન્ટનો ઉપયોગ કરનાર વિશ્વનું બીજું સૌથી મોટુ પાવર્ડ બૂસ્ટર છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દિવસ મહિમા : 17 મે, (1) વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ અથવા**
**વિશ્વ ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ અથવા**
**વિશ્વ ટેલિકોમ્યુનિકેશન અને ઈન્ફોર્મેશન સોસાયટી દિવસ**
**(2) વિશ્વ હાઈપર ટેન્શન દિવસ**
**(World Hypertension Day)**

## ભારતે પ્રથમ વખત થોમસ કપનો ખિતાબ જીત્યો

તાજેતરમાં ભારતની પુરુષ બેડમિન્ટન ટીમે પ્રથમ વખત થોમસ કપનો ખિતાબ જીત્યો હતો.

- થોમસ કપમાં ભારતે 14 વખતના ચેમ્પિયન ઈન્ડોનેશિયાને હરાવ્યુ હતું.
- થોમસ કપ 2022નું આયોજન થાઈલેન્ડના બેંગકોક ખાતે કરવામાં આવ્યું હતું.

### ભારત માટે ફાઈનલમાં કયા ખેલાડીઓએ મેચ જીતી

શ્રી લક્ષ્ય સેને એન્થોની સિન્સુક ગિટીંગ સામે પ્રથમ મેચ જીતી હતી.

- બીજી મેચ ડબલ્સમાં રમાઈ હતી જેમાં ભારતીય જોડી શ્રી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને શ્રી ચિરાગ શેટ્ટીએ ઈન્ડોનેશિયાની કેવિન સંજાયા અને મોહમદ અસહાનની જોડીને હરાવી હતી.
- ત્રીજી મેચમાં શ્રી કિદાંબી શ્રીકાંતે શ્રી જોનાથન ક્રિસ્ટીને હરાવ્યો હતો.
- આ ટુર્નામેન્ટમાં શ્રીકાંતે રમેલી તમામ છ મેચ જીતી હતી.

### થોમસ કપ

થોમસ કપ એ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF)ના વિવિધ દેશોની પુરુષોની ટીમો વચ્ચેની આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન સ્પર્ધા છે.

- તેને વર્લ્ડ મેન્સ ટીમ ચેમ્પિયનશિપ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- વર્તમાન આ ટુર્નામેન્ટમાં 16 દેશોની ટીમો ભાગ લે છે.
- બેડમિન્ટન ખેલાડીઓ માટે થોમસ કપ ટુર્નામેન્ટનું આયોજન કરવાનો વિચાર સૌપ્રથમ અંગ્રેજ બેડમિન્ટન ખેલાડી સર જ્યોર્જ એલ થોમસના મનમાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



- પ્રથમ ટુર્નામેન્ટ <u>1948-49</u>માં યોજાઈ હતી જે મલાયા(મલેશિયા)એ જીતી હતી.
- અગાઉ આ ટુર્નામેન્ટ 3 વર્ષે યોજાતી હતી, પરંતુ વર્ષ <u>1982</u> થી તેનું આયોજન <u>2 વર્ષે</u> કરવામાં આવે છે.
- ટુર્નામેન્ટના સાત દાયકાના લાંબા ઈતિહાસમાં ચેમ્પિયનશિપનો ખિતાબ માત્ર પાંચ રાષ્ટ્રો ચીન, મલેશિયા, ઈન્ડોનેશિયા, જાપાન અને ડેનમાર્ક પાસે હતો.
- ભારત પોતાની જીત સાથે આ એલિટ કલબમાં પ્રવેશનાર છટ્ઠો દેશ બની ગયો છે.

નોંધ: (1) થોમસ કપમાં <u>ઈન્ડોનેશિયા</u> સૌથી સફળ ટીમ છે તેમણે <u>14 વખત</u> આ ટુર્નામેન્ટ જીતી છે ત્યારબાદ <u>ચીને 10</u> અને <u>મલેશિયાએ 5 વખત</u> આ ટુર્નામેન્ટ જીતી છે.

(2) <u>ઉબેર કપ</u> એ દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ચેમ્પિયનશિપ છે. જે <u>મહિલા રાષ્ટ્રીય ટીમો</u> દ્વારા રમવામાં આવે છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી ફ્રેન્ક વિલ્ઝેકે 2022નો ટેમ્પલટન પુરસ્કાર જીત્યો

નોબેલ પારિતોષિક વિજેતા સૈધ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી શ્રી ફ્રેન્ક વિલ્ઝેકને વર્ષ 2022નો ટેમ્પલટન પુરસ્કાર આપવામાં આવ્યો છે.

- ટેમ્પલટન પુરસ્કાર મેળવનાર તેઓ છઠ્ઠા નોબેલ વિજેતા બન્યા છે.
- વર્ષ 2004માં તેમણે શ્રી એચ. ડેવિડ પોલિત્ઝર અને ડેવિડ ગ્રોસ સાથે ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર જીત્યો હતો.

### શ્રી ફ્રેન્ક વિલ્ઝેક



શ્રી ફ્રેન્ક એન્થોનિ વિલ્ઝેકનો જન્મ 15 મે, 1951ના રોજ અમેરિકાના ન્યુયોર્કના મિનોલા ખાતે થયો હતો.

- તેઓ એક અમેરિકન સૈધ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી છે.
- તેઓ હાલમાં મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (MIT) તથા એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્રના પ્રતિષ્ઠિત પ્રોફેસર છે.
- વર્ષ 2004માં તેમને ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2022માં તેમને આધ્યાત્મિક વાસ્તવિકતાઓ વિશે સંશોધન અથવા શોધ તરફની પ્રગતિ માટે ટેમ્પલટન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

### ટેમ્પલટન પુરસ્કાર

ટેમ્પલટન પુરસ્કાર (Templeton Prize) ધાર્મિક ક્ષેત્રે પ્રગતિ કરનાર જીવંત વ્યક્તિઓને આપવામાં આવતો વાર્ષિક પુરસ્કાર છે.

- ટેમ્પલટન પુરસ્કારની સ્થાપના વર્ષ 1972માં શ્રી જ્હોન ટેમ્પલટન દ્વારા કરવામાં આવી હતી.
- આ પુરસ્કાર હાલમાં જ્હોન ટેમ્પલટન ફાઉન્ડેશન દ્વારા સંચાલિત કરવામાં આવે છે.
- આ પુરસ્કારમાં જ્હોન ટેમ્પલટન ફાઉન્ડેશન, ટેમ્પલટન વર્લ્ડ ચેરિટી ફાઉન્ડેશન અને ટેમ્પલટન રિલિજન ટ્રસ્ટ દ્વારા સહ–ભંડોળ આપવામાં આવે છે.
- આ એવોર્ડ મૂળરૂપે ધર્મના ક્ષેત્રમાં કામ કરતા લોકોને આપવામાં આવતો હતો. પરંતુ 1980ના દાયકામાં ધર્મ અને વિજ્ઞાનના આંતરછેદ પર કામ કરતા લોકોને સામેલ કરવા માટે આ ક્ષેત્રનો વિસ્તાર કરવામાં આવ્યો હતો.
- ટેમ્પલટન પુરસ્કાર વર્ષ 1973મા સૌપ્રથમ મધર ટેરેસાને આપવામાં આવ્યો હતો.
- ટેમ્પલટન પુરસ્કાર અંતર્ગત 1.3 મિલિયન અમેરિકન ડોલરની રકમ આપવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પટવઈ ભારતનું પ્રથમ અમૃત સરોવર બન્યુ



ભારતમાં પ્રથમ 'અમૃત સરોવર'નું ઉદ્‌ઘાટન 13 મે, 2022ના રોજ કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી શ્રી મુખ્તાર અબ્બાસ નકવી અને ઉત્તરપ્રદેશના જળશક્તિ મંત્રી શ્રી દેવ સિંહ દ્વારા ઉત્તરપ્રદેશના પટવાઈ ખાતે કરવામાં આવ્યુ હતું.

- પટવાઈ ઉત્તરપ્રદેશના રામપુરમાં આવેલું છે.
- પટવઈ અથવા પટવાઈનું 'અમૃત સરોવર' તરીકેનું આ ઉદ્‌ઘાટન પાણીના સંરક્ષણ અને પર્યાવરણના રક્ષણમાં મદદ કરશે.
- આસપાસના વિસ્તારોમાં રહેતા લોકો માટે પણ તે પ્રવાસી આકર્ષણનું કેન્દ્ર બનશે.
- નોંધનીય છે કે મિશન અમૃત સરોવર 24 એપ્રિલ, 2022ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભવિષ્ય માટે પાણી બચાવવાના વ્યાપક ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યુ હતું.
- આ મિશન 15 ઓગસ્ટ, 2023 સુધીમાં પૂર્ણ થશે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### મિશન અમૃત સરોવરનો ઉદ્દેશ્ય

આ મિશનનો ઉદ્દેશ્ય આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે ભારતના દરેક જિલ્લામાં 75 જળાશયોનો વિકાસ અને પુનર્જીવન કરવાનો છે.

- આ મિશન હેઠળ 50,000 જળાશયો બનાવવામાં આવશે અને આ દરેક જળાશયો એક એકર કે તેથી વધુ કદના હશે.
- દરેક વ્યક્તિગત અમૃત સરોવરમાં 10,000 ક્યુબિક મીટર પાણી રાખવાની ક્ષમતા હશે.

નોંધ: (1) મિશન અમૃત સરોવર હેઠળ જમીન સંસાધન વિભાગ, ગ્રામ વિકાસ વિભાગ, જળ સંસાધન વિભાગ, પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ, વન પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય અને પંચાયતી રાજ મંત્રાલય ભાગ લઈ રહ્યા છે.

(2) ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓ–ઈન્ફોર્મેટિક્સ મિશન અમૃત સરોવર માટે ટેકનિકલ ભાગીદાર છે.

1. 'વિશ્વ ટેલિકોમ્યુનિકેશન દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(B)**

2. 'વિશ્વ હાઈપર ટેન્શન દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે **(B)**

3. વર્ષ 2022માં થોમસ કપનો ખિતાબ કયા દેશે જીત્યો છે ?

(A) ભારત (B) ઈન્ડોનેશિયા (C) જાપાન (D) ચીન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ થોમસ કપ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) મેન્સ હોકી (B) મેન્સ રેસલિંગ (C) મેન્સ બેડમિન્ટન (D) મેન્સ ફૂટબોલ **(C)**

5. તાજેતરમાં વર્ષ 2022નો ટેમ્પલટન પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો છે ?

(A) શ્રી ફ્રેન્ક વિલ્ઝેક (B) શ્રી માઈકલ હેલર (C) શ્રી જેન વેઈનર (D) શ્રી ફેનીસ કોલીન **(A)**

6. તાજેતરમાં પટવાઈ ભારતનું પ્રથમ અમૃત સરોવર બન્યુ છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) પંજાબ (B) મહારાષ્ટ્ર (C) કેરળ (D) ઉત્તરપ્રદેશ **(D)**

**દિવસ મહિમા : 18 મે, (1) આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ (International Museum Day)**
**(2) વિશ્વ એઈડ્સ રસી દિવસ (World AIDS Vaccine Day) અથવા HIV રસી જાગૃતિ દિવસ (HIV Vaccine Awareness Day)**

## આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 18 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સંગ્રહાલય અથવા તો મ્યુઝિયમના મહત્ત્વ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 1983મા 18 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ' (International Museum Day)ની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- જોકે, એ અગાઉ 'International Council of Museums' (ICOM) દ્વારા 1977થી જ આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2022ની 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની થીમ 'The Power of Museums' છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી એલિઝાબેથ બોર્ન ફ્રાન્સના નવા વડાપ્રધાન બન્યા



16 મે, 2022ના રોજ સુશ્રી એલિઝાબેથ બોર્ન ફ્રાન્સના નવા વડાપ્રધાન બન્યા છે.

- આ સાથે ફ્રાન્સના ઈતિહાસમાં આ પદ પણ સંભાળનાર તેઓ બીજા મહિલા બની ગયા છે.
- સુશ્રી એલિઝાબેથ બોર્ને ફ્રાન્સના રાષ્ટ્રપતિ શ્રી ઈમેન્યુઅલ મેક્રોનની સરકારમાં શ્રમ મંત્રીનું પદ સંભાળ્યુ હતું.
- તેઓ શ્રી જીન કાસ્ટયુક્સના સ્થાને વડાપ્રધાન બન્યા છે.

**નોંધ:** ફ્રાન્સમાં આ અગાઉ વડાપ્રધાનનું પદ સંભાળનાર પ્રથમ મહિલા સુશ્રી એડિથ ક્રેસન હતા.

## ભારતનું પ્રથમ 5G ટેસ્ટબેડ




તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના પ્રથમ 5G ટેસ્ટબેડનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- તે સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ જગતના લોકોને સ્થાનિક સ્તરે તેમના ઉત્પાદનોનું પરીક્ષણ કરવાની મંજૂરી આપશે, જેનાથી વિદેશી સુવિધાઓ પર નિર્ભરતા ઘટશે.

### મહત્ત્વ

આધુનિક ટેલિકોમ્યુનિકેશન ટેકનોલોજી ક્ષેત્રમાં આત્મનિર્ભરતા તરફ આ એક મહત્વપૂર્ણ પગલું છે.

- 5G ટેસ્ટબેડ લગભગ રૂ. 220 કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.
- 5G ટેસ્ટબેડના અભાવે સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગોને 5G નેટવર્ક સેટ કરવા અને તેમના ઉત્પાદનોનું પરીક્ષણ અને ચકાસણી કરવા માટે વિદેશી નિર્ભરતા પર આધાર રાખવાની ફરજ પડી હતી.
- ભારતનું 5G સ્ટાન્ડર્ડ 5Gi ના રૂપમાં તૈયાર કરવામાં આવ્યુ છે જે દેશના ગામડાઓમાં 5G ટેકનોલોજી લાવવામાં મોટી ભૂમિકા ભજવશે.
- 5Gi મૂળભૂત રીતે IIT હૈદરાબાદ અને મદ્રાસના સહયોગથી બનાવવામાં આવેલ મેડ ઈન ઈન્ડિયા 5G સ્ટાન્ડર્ડ છે.

### 5G ટેક્નોલોજી

5G એ પાંચમી પેઢીનું મોબાઈલ નેટવર્ક છે.

- તે 1G, 2G, 3G અને 4G નેટવર્ક પછી એક નવુ વૈશ્વિક વાયરલેસ ધોરણ છે.
- તે એવી સિસ્ટમને સક્ષમ કરે છે જેમાં મશીનો, ઓબ્જેક્ટસ અને સાધનોને એકબીજા સાથે જોડાયેલા નેટવર્ક દ્વારા કનેક્ટ કરીને સંચાલિત અને સંકલન કરી શકાય છે.
- 5Gના હાઈ–બેન્ડ સ્પેક્ટ્રમમાં ઈન્ટરનેટ સ્પીડનું પરીક્ષણ 20 Gbps (ગીગાબાઈટ્સ પ્રતિ સેકન્ડ) પર કરવામાં આવ્યુ છે.
- જ્યારે 4Gમાં મહત્તમ ઈન્ટરનેટ ડેટા સ્પીડ અત્યાર સુધીમાં મોટાભાગના કિસ્સાઓમાં માત્ર 1 Gbps નોંધાય છે.
- 5G ટેકનોલોજી દેશમાં ગવર્નન્સમાં સકારાત્મક ફેરફારો, રહેવાની સરળતા અને વ્યવસાય કરવાની સરળતા તરફ દોરી જશે.
- જેનાથી કૃષિ, આરોગ્ય, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રકચર અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રોમાં વૃધ્ધિને વેગ મળશે.
- તેનાથી સુવિધાઓમાં પણ વધારો થશે અને રોજગારીની ઘણી તકો ઉભી થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ' અથવા તો 'International Museum Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે (C)

2. વર્ષ 2022ના 'આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ'ની થીમ શું છે ?

(A) Museums for a sustainable society (B) Museums and cultural land scapes

(C) Museum for equality (D) The power of museums (D)

3. 'વિશ્વ એઈડ્સ રસી દિવસ' અથવા તો 'HIV રસી જાગૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 મે (B) 17 મે (C) 18 મે (D) 19 મે (C)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં સુશ્રી એલિઝાબેથ બોર્ન કયા દેશના નવા વડાપ્રધાન બન્યા છે ?

(A) ફ્રાન્સ (B) સ્વીડન (C) નોર્વે (D) ઈટલી (A)

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના પ્રથમ 5G ટેસ્ટબેડનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ 5G ટેક્નોલોજી સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) 5G એ પાંચમી પેઢીનું મોબાઈલ નેટવર્ક છે.

(B) 5Gના હાઈ–બેન્ડ સ્પેક્ટ્રમમાં ઈન્ટરનેટ સ્પીડનું પરીક્ષણ 20 Gbps (ગીગાબાઈટ્સ પ્રતિ સેકન્ડ) પર કરવામાં આવ્યું છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

# INS સુરત અને INS ઉદયગીરી યુદ્ધ જહાજ

તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ડિસ્ટ્રોયર જહાંજ INS સુરત અને INS ઉદયગીરીને મુંબઈમાં લોન્ચ કર્યું હતું.

## INS સુરત

INS સુરત એ પ્રોજેક્ટ 15B પોગ્રામ હેઠળ કાર્યરત થનારું ચોથુ અને છેલ્લું સ્ટીલ્થ ડિસ્ટ્રોયર છે.

- શરૂઆતમાં આ જહાજોનું નામ પોરબંદર હોવાનું અનુમાન કરવામાં આવ્યુ હતું પરંતુ બાદમાં તેને બદલીને સુરત કરવામાં આવ્યું છે.
- INS સુરતનું નામ ગુજરાતના સુરત શહેર પરથી રાખવામાં આવ્યું છે.

નોંધ: (1) આ વર્ગના અન્ય જહાજોમાં વિશાખાપટ્ટનમ, મોમુગાઓ અને ઈમ્ફાલનો સમાવેશ થાય છે.

(2) INS સુરતનું નિર્માણ બ્લોક બાંધકામ પદ્ધતિનો ઉપયોગ કરીને કરવામાં આવ્યું છે.

## INS ઉદયગીરી

INS ઉદયગીરી એ પ્રોજેક્ટ 17A ફ્રિગેટ્સનું ત્રીજું જહાંજ છે.

- INS ઉદયગીરીનું નામ આંધ્રપ્રદેશ રાજ્યની એક પર્વતમાળા પરથી રાખવામાં આવ્યુ છે.

## પ્રોજેક્ટ 15B શું છે ?

પ્રોજેક્ટ 15B ભારત સરકારનો એક કાર્યક્રમ છે જે અંતર્ગત ભારતીય નૌકાદળ માટે નેક્સ્ટ જનરેશનના સ્ટીલ્થ ગાઈડેડ–મિસાઈલ ડિસ્ટ્રોયર્સ મંઝગાવ ડોક્સ લિમિટેડ (MDL), મુંબઈ ખાતે બનાવવામાં આવી રહ્યા છે.

## પ્રોજેક્ટ 17A શું છે ?

પ્રોજેક્ટ 17A હેઠળ કાર્યરત આ જહાજો P17 ફ્રિગેટ્સની તુલનામાં સુધારણા છે અને તે સુધારેલા હથિયારો, સુધારેલ સ્ટીલ્થ સુવિધાઓ, અદ્યતન પ્લેટફોર્મ મેનેજમેન્ટ સિસ્ટમ અને સુધારેલા સેન્સરથી સજ્જ છે.

- આ પ્રોગ્રામ હેઠળ સાત જહાજો બનાવવામાં આવી રહ્યા છે.
- જેમાંથી 4 MDL (મંઝગાવ ડોક્સ લિમિટેડ) દ્વારા અને 3 ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (GRSE) દ્વારા બનાવવામાં આવી રહ્યાં છે.

નોંધ : ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડને GRSE તરીકે પણ ઓળખવામાં આવે છે. તે ભારતના અગ્રણી શિપયાર્ડમાંનુ એક છે જે પશ્ચિમ બંગાળના કલકત્તામાં સ્થિત છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# બાંગ્લાદેશે ભારતને ચટગાંવ બંદરની ઓફર કરી



બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસીનાએ ભારતને બાંગ્લાદેશમાં ચટગાંવ બંદર (Chittagong Port)નો ઉપયોગ કરવાની ઓફર કરી છે.

- ચટગાંવ બંદરની પહોંચથી ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યો જેમ કે આસામ, ત્રિપુરા , મેઘાલય અને મિઝોરમને ફાયદો થશે.
- શ્રીમતી શેખ હસીનાએ ભારતના વિદેશમંત્રી શ્રી એસ. જયશંકર સાથેની મુલાકાત દરમિયાન આ ઓફર કરી હતી.

## ચટગાંવ બંદર

ચટગાંવ અથવા ચિત્તાગોંગ બંદર એ બાંગ્લાદેશના મહત્ત્વપૂર્ણ બંદરો પૈકીનું એક છે.

- આ બંદર કર્ણફૂલી નદી પર આવેલું છે.
- તે બંગાળની ખાડીના કિનારે આવેલું સૌથી વ્યસ્ત બંદર છે. તેનો ઉપયોગ ભારત, નેપાળ અને ભૂટાન દ્વારા પરિવહન માટે પણ થાય છે.
- આઝાદી પહેલાં ભારતના ઉત્તરપૂર્વીય ભાગને બ્રહ્મપુત્રા અને બરાક નદી પ્રણાલી દ્વારા ચટગાંવ બંદર સુધી પહોંચવાની સુવિધા હતી.
- ત્યારબાદ 1947માં વિભાજન પછી ભારતના ઉત્તરપૂર્વ સમુદ્રમાં પ્રવેશ ગુમાવ્યો હતો.
- આ સમયે ચટગાંવ બંદર પૂર્વ પાકિસ્તાનમાં ખસેડવામાં આવ્યું હતું અને ભારતે એક મુખ્ય વેપાર માર્ગ ગુમાવ્યો હતો.
- જોકે, ભારતે 1965ના યુદ્ધ સુધી આ બંદરનો ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું હતું.
- દરિયાઈ બંદરની નિકટતાની કારણે આ બંદર આસામ, મેઘાલય અને મિઝોરમ સહિતના ઉત્તર–પૂર્વીય ભારતીય રાજ્યોમાં આર્થિક પ્રવૃત્તિને વેગ આપવાની ક્ષમતા ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈટાલિયન ઓપન 2022



તાજેતરમાં 8 મે થી 15 મે દરમિયાન ઈટાલીના રોમ ખાતે 'ઈટાલિયન ઓપન 2022'નું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં સર્બિયાના શ્રી નોવાક જોકોવિચે મેન્સ સિંગલસનું ટાઈટલ જીત્યુ હતું.
- જ્યારે પોલેન્ડના સુશ્રી ઈગા સ્વીટેકે મહિલા સિંગલ્સનું ટાઈટલ જીત્યુ હતું.
- ઈટાલિયન ઓપન 2022 એ આ ટુર્નામેન્ટની 79મી આવૃત્તિ હતી.

### ઈટાલિયન ઓપન 2022ના વિજેતાઓની યાદી

| ક્રમ | ટાઈટલ | વિજેતા |
|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી નોવાક જોકોવિચ (સર્બિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી ઈગા સ્વીટેક (પોલેન્ડ) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી નિકોલા મેક્ટિક (ક્રોએશિયા)<br>શ્રી મેટ પેવિક (ક્રોએશિયા) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી વેરોનિકા કુડેરમાટોવા (રશિયા)<br>સુશ્રી એનાસ્તાસિયા પાવલ્યુચેન્કોવા(રશિયા) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ઈટાલિયન ઓપન

ઈટાલિયન ઓપન એ એક વ્યવસાયિક ટેનિસ ટુર્નામેન્ટ છે.

- જે આઉટડોર ક્લે કોર્ટ પર રમાય છે.
- આ ટુર્નામેન્ટ ઈટાલીના રોમ ખાતે યોજાય છે.
- તે વિશ્વની સૌથી મહત્વપૂર્ણ ક્લે ટેનિસ ટુર્નામેન્ટમાંની એક છે.
- જે હાલમાં મે ના બીજા સપ્તાહ દરમિયાન યોજાય છે.
- ઈટાલિયન ઓપનને પુરુષોની આવૃત્તિ માટે 'રોમ માસ્ટર્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- સૌથી વધુ શ્રી રાફેલ નડાલે 10 વખત ઈટાલિયન ઓપન મેન્સ સિંગલ્સ ટાઈટલ જીત્યુ છે.

1. તાજેતરમાં ચર્ચામાં રહેલ INS સુરત અને INS ઉદયગીરી યુદ્ધ જહાજ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

   1. તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે મુંબઈ ખાતેથી આ જહાજો લોન્ચ કર્યા હતા.
   2. INS સુરત એ પ્રોજેક્ટ 15B પ્રોગ્રામ હેઠળ કાર્યરત થનારુ ચોથુ અને છેલ્લુ સ્ટીલ્થ ડિસ્ટ્રોયર છે.
   3. INS ઉદગીરી એ પ્રોજેક્ટ 17A ફ્રિગેટ્સનું ત્રીજુ જહાજ છે.
   4. INS ઉદયગીરીનું નામ આંધ્રપ્રદેશની એક પર્વતમાળા પરથી રાખવામાં આવ્યું છે.

   યોગ્ય વિકલ્પ પસંદ કરો.

   (A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4
   (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

2. તાજેતરમાં બાંગ્લાદેશે ભારતને ચટગાંવની ઓફર કરી હતી. આ ચટગાંવ શું છે ?

   (A) દરિયાઈ બંદર (B) ઘઉંનું બિયારણ
   (C) એરપોર્ટ (D) બાંગ્લાદેશનો નેશનલ હાઈવે **(A)**

3. તાજેતરમાં બાંગ્લાદેશે ભારતને કયા બંદરનો ઉપયોગ કરવાની ઓફર કરી છે ?

   (A) ચટગાંવ બંદર (Chittagong Port) (B) મોન્ગલા બંદર (Port of Mongla)
   (C) પાયરા બંદર (Port of Payra) (D) મતાબારી બંદર (Matabari Port) **(A)**

4. ઈટાલિયન ઓપન 2022માં 'મેન્સ સિંગલ્સ'નું ટાઈટલ કોણે જીત્યુ છે ?

   (A) શ્રી નિકોલ મેક્ટિક (B) શ્રી રાફેલ નડાલ
   (C) શ્રી નોવાક જોકોવિચ (D) શ્રી સ્ટેડાનોસ સિત્સિપાસ **(C)**

5. ઈટાલિયન ઓપન 2022માં 'મહિલા સિંગલ્સ'નું ટાઈટલ કોણે જીત્યુ છે ?

   (A) સુશ્રી જ્યુલિયાન ઓલ્મોસ (B) સુશ્રી ઈગા સ્વીટેક
   (C) સુશ્રી ઓન્સ જબેઉર (D) સુશ્રી ગેબ્રિએલા ડાબ્રોસ્કી **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 20 મે, (1) વિશ્વ મધમાખી દિવસ (World Bee Day)
## (2) વિશ્વ માપ વિજ્ઞાન દિવસ (World Metrology Day)

### વિશ્વ મધમાખી દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 20 મે ના રોજ 'વિશ્વ મધમાખી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ મધમાખીઓ અને પરાગ રજકોના મહત્ત્વ, ટકાઉ વિકાસ અને તેમના સંરક્ષણમાં તેમનું યોગદાન વિશે જાગૃતિ લાવવાનો છે.
- 18મી સદીમાં મધમાખી ઉચ્છેરની તકનીકીની શરૂઆત કરનાર શ્રી એન્ટોન જનસાના જન્મ દિવસ નિમિત્તે 20 મે ને 'વિશ્વ મધમાખી દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.
- વર્ષ 2022ના વિશ્વ મધમાખી દિવસની થીમ 'Bee Engaged : Celebrating the Diversity of bees and beekeeping systems' છે.

નોંધ : કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે ગુજરાતમાં 20 મે, 2022ના રોજ વિશ્વ મધમાખી દિવસ પર એક વિશાળ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રાજસ્થાનના રામગઢ વિષધારી વન્યજીવ અભયારણ્યને વાઘ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું

તાજેતરમાં રાજસ્થાનમાં રામગઢ વિષધારી વન્યજીવ અભયારણ્યને ભારતના 52મા વાઘ અભયારણ્ય (ટાઈગર રિઝર્વ) તરીકે સૂચિત કરવામાં આવ્યુ છે.



- નોંધનીય છે કે જુલાઈ 2021માં 'નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી'ની તકનીકી સમિતિએ રામગઢ વિષધારી વન્યજીવ અભયારણ્ય અને આસપાસના વિસ્તારોને ટાઈગર રિઝર્વ બનાવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી.

## રામગઢ વિષધારી વન્યજીવ અભયારણ્ય

આ અભયારણ્ય રાજસ્થાનના બુંદી જિલ્લામાં રામગઢ ગામ નજીક બુંદી–નૈનવા રોડ પર સ્થિત છે.

- વર્ષ 1982માં વન્યજીવ અભયારણ્ય તરીકે તેની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અભયારણ્ય 252.79 ચોરસ કિલોમીટરના ક્ષેત્રમાં ફેલાયેલ છે.
- આ ઉપરાંત 1017 વર્ગ કિમીના કુલ ક્ષેત્રને વાઘ આરક્ષિત ક્ષેત્ર તરીકે સૂચિત કરવામાં આવ્યુ છે.
- અહીં જોવા મળતા અન્ય વન્યપ્રાણીઓમાં જંગલી ડુક્કર, ચિંકારા, સાંભર, રીંછ, ભારતીય વરુ, શિયાળ, હરણ, મગર વગેરે જોવા મળે છે.

### રાજસ્થાનમાં આવેલ વાઘ આરક્ષિત ક્ષેત્ર

| ક્રમ | વાઘ આરક્ષિત ક્ષેત્ર |
|---|---|
| 1 | રણથંભોર ટાઈગર રિઝર્વ |
| 2 | મુકુંદ્રા પર્વત ટાઈગર રિઝર્વ |
| 3 | સરિસ્કા ટાઈગર રિઝર્વ |
| 4 | રામગઢ વિશધારી વન્યજીવ અભયારણ્ય |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સિઓલ વન ઘોષણા (Seoul Forest Declaration)

તાજેતરમાં દક્ષિણ કોરિયાના સિઓલમાં 15મી 'વિશ્વ વાનિકી કોંગ્રેસ' અથવા 'વર્લ્ડ ફોરેસ્ટ્રી કોંગ્રેસ'માં 'સિઓલ વન ઘોષણા' અપનાવવામાં આવ્યું હતું.

- 141 દેશોએ આ ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા છે.

### વર્લ્ડ ફોરેસ્ટ્રી કોંગ્રેસ

દર છ વર્ષે તેનું આયોજન કરવામાં આવે છે.

- આ કાર્યક્રમ રિપબ્લિક ઓફ કોરિયા અને FAO દ્વારા સહ–આયોજિત કરવામાં આવ્યો હતો.
- વર્લ્ડ ફોરેસ્ટ્રી કોંગ્રેસ એશિયામાં આયોજિત આ બીજી ઈવેન્ટ છે.
- વર્ષ 1978માં એશિયામાં વર્લ્ડ ફોરેસ્ટ્રી કોંગ્રેસનું આયોજન ઈન્ડોનેશિયા દ્વારા કરવામાં આવ્યુ હતું.
- વર્લ્ડ ફોરેસ્ટ્રી કોંગ્રેસ 2022ની થીમ 'Green, Healthy and Sustainable Construction' છે.
- તેનુ લક્ષ્ય સાતત્યપૂર્ણ વિકાસના તમામ સ્તરે જંગલો અને વનસંવર્ધનના ભવિષ્ય માટે નવી દૃષ્ટિ અને કાર્ય કરવાની નવી રીતો અપનાવવાનું છે.




## સિઓલ વન ઘોષણાની મુખ્ય વિશેષતાઓ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વહેંચાયેલ જવાબદારી

આ ઘોષણા એ રેખાંકિત કરે છે કે જંગલો રાજકીય, સામાજિક અને પર્યાવરણીય મર્યાદાઓથી સ્વતંત્ર છે જે જૈવવિવિધતા અને ગ્રહ સ્કેલ કાર્બન, પાણી અને ઊર્જા ચક્ર માટે મહત્વપૂર્ણ છે.

### વનોમાં રોકાણ

વૈશ્વિક સ્તરે વન અને વન પરિદૃશ્ય પુનઃસ્થાપનામાં રોકાણને 2030 સુધીમાં ત્રણ ગણુ કરવાની જરૂર છે જેથી કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે સંમત પ્રતિબદ્ધતાઓ અને ક્ષતિગ્રસ્ત જમીનોને પુનઃસ્થાપિત કરવાના લક્ષ્યાંકોને પ્રાપ્ત કરી શકાય.

### ચક્રિય જૈવવ્યવસ્થા અને આબોહવા તટસ્થા

વર્લ્ડ ફોરેસ્ટ્રી કોંગ્રેસ દરમિયાન દોરવામાં આવેલા ચાવીરૂપ તારણોમાં ચક્રિય જૈવ–અર્થતંત્ર અને આબોહવા તટસ્થાને અપનાવવાના મહત્વ પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

- ઘોષણાપત્રમાં વન સંરક્ષણ, પુનઃસંગ્રહ અને ટકાઉ ઉપયોગમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે નવીન ગ્રીન ફાઈનાન્સિંગ મિકેનિઝમ્સની જરૂરિયાત પર ભાર મુક્યો હતો અને નવીનીકરણીય, પુનઃઉપયોગી અને બહુમુખી સામગ્રી તરીકે ટકાઉ વન ઉત્પાદનોની સંભાવિતતાને પ્રકાશિત કરી હતી.

1. 'વિશ્વ મધમાખી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે (C)

2. 'વિશ્વ માપ વિજ્ઞાન દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 18 મે (B) 19 મે (C) 20 મે (D) 21 મે (C)

3. તાજેતરમાં રામગઢ વિષધારી વન્યજીવ અભયારણ્યને વાઘ અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યુ છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) રાજસ્થાન (B) ઉત્તરપ્રદેશ (C) મધ્યપ્રદેશ (D) મહારાષ્ટ્ર (A)

4. તાજેતરમાં રાજસ્થાનના રામગઢ વિષધારી અભયારણ્યને ભારતના કેટલામાં વાઘ અભયારણ્ય (ટાઈગર રિઝર્વ) તરીકે સૂચિત કરવામાં આવ્યુ છે ?

(A) 52 માં (B) 54 માં (C) 57 માં (D) 58 માં (A)

5. સિઓલ વન ઘોષણા (Seoul Forest Declaration) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તાજેતરમાં દક્ષિણ કોરિયાના સિઓલમાં 15મી વર્લ્ડ ફોરેસ્ટ્રી કોંગ્રેસમાં તે અપનાવવામાં આવ્યું હતું.

(B) 141 દેશોએ આ ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દિવસ મહિમા : 21 મે, (1) આતંકવાદ વિરોધી દિન (Anti Terrorism Day)**
**(2) આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day)**
**(3) સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ**

## આતંકવાદ વિરોધી દિન

ભારતમાં દર વર્ષે 21 મે ના રોજ 'આતંકવાદ અથવા તો ત્રાસવાદ વિરોધી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- 21 મે, 1991ના રોજ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની તમિલનાડુના શ્રી પેરુમ્બુદુર ખાતે હત્યા કરવામાં આવી હતી.
- આથી, આ ઘટનાને કારણે આતંકવાદના વિરોધમાં ભારતમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત શ્રી વી.પી. સિંહની સરકારે આતંકવાદના વિરોધમાં જાગૃતિ લાવવા માટે ભારતમાં 21 મે ના રોજ 'આતંકવાદ વિરોધી દિન'ની ઉજવણી કરવાનો નિર્ણય કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આંતરરાષ્ટ્રીય ચા દિવસ

યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે 21 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- યુનાઈટેડ નેશન્સ દ્વારા વર્ષ 2020થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ અંતર્ગત વર્ષ 2020માં યુનાઈટેડ નેશન્સ દ્વારા પ્રથમ વખત 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલી દ્વારા 21 ડિસેમ્બર, 2019ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.

## શ્રી એસ. એસ. મુંદ્રા BSEના નવા અધ્યક્ષ બન્યા



17 મે, 2022ના રોજ BSE લિમિટેડે જાહેરાત કરી હતી કે કંપનીના નવા અધ્યક્ષ તરીકે શ્રી એસ.એસ.મુંદ્રાની નિયુક્તિ માટે મંજૂરી આપવામાં આવી છે.

- તેઓ BSEમાં જાહેર હિતના નિયામક હતા.
- તેઓ BSEના વર્તમાન અધ્યક્ષ જસ્ટિસ વિક્રમજીત સેનનું સ્થાન લેશે.
- શ્રી એસ.એસ.મુંદ્રા 30 જુલાઈ, 2017ના રોજ RBIમાં ત્રણ વર્ષના કાર્યકાળ બાદ ડેપ્યુટી ગવર્નરમાંથી સેવા નિવૃત્ત થયા હતા.
- આ ઉપરાંત તેમણે બેંક ઓફ બરોડાનું ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પદ પણ સંભાળ્યુ હતું.
- તેમની પાસે ચાર દાયકાથી વધુની બેંકિંગ કારકિર્દી છે અને તેમણે અનેક મહત્વપૂર્ણ હોદાઓ સંભાળ્યા છે.

નોંધ: (1) BSEનું પૂરું નામ 'બોમ્બે સ્ટોક એક્સેન્જ' છે, જે BSE લિમિટેડ તરીકે પણ ઓળખાય છે.

(2) તે એક ભારતીય સ્ટોક એક્સેન્જ છે જે મુંબઈની દલાલ સ્ટ્રીટ ખાતે આવેલું છે.



**1.** ભારતમાં દર વર્ષે 'આતંકવાદ વિરોધી દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે (B)

**2.** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે (B)

**3.** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કયારથી કરવામાં આવ્યો છે ?

(A) 2020 (B) 2019 (C) 2018 (D) 2017 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**4.** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'સંવાદ અને વિકાસ માટે વિશ્વ સાંસ્કૃતિક વિવિધતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 20 મે (B) 21 મે (C) 22 મે (D) 23 મે (B)

**5.** તાજેતરમાં BSEના નવા અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?

(A) શ્રી દેવાષીષ અગ્રવાલ (B) શ્રી એમ.એન. રાયસા

(C) શ્રી એસ.એસ.મુંદ્રા (D) શ્રી વી.એસ. અગ્રવાલ (C)

# ONE LINER

## ગુજરાત

➤ **વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ**

આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક બાબતોના મંત્રાલય, રાજ્ય સરકારના રમત–ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને સંગ્રહાલયના નિયામકના સહયોગથી આયોજિત ‘વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ’નો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિરથી પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતના પ્રાચીન નગર વડનગરના ભવ્ય ઈતિહાસ અને સાંસ્કૃતિક વિરાસતને વિશ્વ સમક્ષ લેન્ડ માર્ક હેરિટેજ ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે પ્રસ્તુત કરવાનો રાજ્ય સરકારનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. આ કોન્ફરન્સ ત્રણ દિવસ સુધી યોજાઈ હતી.

➤ **ઈન્ડિયન ચેમ્પિયનશિપમાં ગુજરાતની મહિલા વોલીબોલ ટીમે ઈતિહાસ રચ્યો**

મહારાષ્ટ્રના સાંગલી ખાતે 24મી નેશનલ વોલીબોલ ચેમ્પિયનશિપમાં ઈતિહાસમાં પ્રથમવાર ગુજરાતની મહિલા ટીમ ચેમ્પિયન બની છે. નોંધનીય છે કે તમામ સાત ખેલાડી ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના જ હતા. જેમાંથી છ ખેલાડી કોડીનારના સરખડી ગામના અને એક ખેલાડી સિંધાજ ગામના હતા. આ ટીમના કોચ તરીકે એક સમયે ભારત તરફથી રમેલા ગીર સોમનાથ જિલ્લાના પરિતાબેન વાળા હતા. સરખડી ગામને ગુજરાતનું વોલીબોલ ગામ તરીકે ઓળખવામાં આવે છે. સરખડી ગામની દિકરીઓએ વોલીબોલ ક્ષેત્રે ગુજરાત અને ભારતનું હંમેશા ગૌરવ વધાર્યુ છે.

## ભારત

➤ **ગતિશક્તિ સંચાર પોર્ટલ**

તાજેતરમાં સંચાર મંત્રાલયે ‘સેન્ટ્રેલાઈઝ રાઈટ ઓફ વે’ (ROW) મંજૂરી માટે ‘ગતિશક્તિ સંચાર’ પોર્ટલ શરૂ કર્યુ છે. ગતિશક્તિ સંચાર પોર્ટલ રાષ્ટ્રીય બ્રોડબેન્ડ મિશન દ્વારા પરિકલ્પિત ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવ્યુ છે. જે દરેક નાગરિકને મુખ્ય ઉપયોગિતા તરીકે બ્રોન્ડબેન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડવા, માંગ પરના વહીવટ અને સેવાઓ અને ખાસ કરીને આપણા દેશના નાગરિકોને ડિજિટલ સશક્તિકરણ પ્રદાન કરશે. તેનો ઉદ્દેશ ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામો માટે પોર્ટલ ‘વ્યવસાય કરવાની સરળતા’ના હેતુ માટે સક્ષમ તરીકે કાર્ય કરશે. વિવિધ સેવા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાતાઓની ROW એપ્લિકેશન્સનું સમયસર પતાવટ ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણને સક્ષમ કરશે જે 5G નેટવર્કના સમયસર લોન્ચ માટે પણ સક્ષમ બનશે. સમગ્ર દેશમાં સેન્ટ્રલાઈઝ રાઈટ ઓફ વે (ROW) મંજૂરીઓના અસરકારક દેખરેખ માટે રાજ્ય અને જિલ્લાવાર બાકી સ્થિતિ દર્શાવતા શક્તિશાળી ડેશબોર્ડથી પણ પોર્ટલ સજ્જ છે. આ પોર્ટલ દેશના ‘આત્મનિર્ભર’ અભિયાનને વેગ આપે તેવી અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ**

તાજેતરમાં આદિજાતિ બાબતોના મંત્રાલયે મહારાષ્ટ્રના નાસિકમાં એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS)ના નિર્માણ માટે શિલાયન્સ કર્યો છે. સૂચિત EMR શાળાનો ઉદ્દેશ્ય નાસિકના દૂરના આદિવાસી વિસ્તારોમાં આદિવાસી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો છે. એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ એ સમગ્ર ભારતમાં ભારતીય જનજાતિઓ (ST–અનુસૂચિત જનજાતિ) માટે મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ બનાવવાની યોજના છે. તેની શરૂઆત વર્ષ 1997-98માં કરવામાં આવી હતી. EMRSમાં CBSE અભ્યાસક્રમ અનુસરવામાં આવે છે.

➤ **કાન્હેરી ગુફાઓ**

તાજેતરમાં પર્યટન મંત્રાલયે બુદ્ધ પૂર્ણિમાના અવસર પર કાન્હેરી ગુફાઓમાં વિવિધ જાહેર સુવિધાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતું. કાન્હેરી ગુફાઓ મુંબઈના પશ્ચિમી બહારના વિસ્તારમાં સ્થિત ગુફાઓ અને રોક–કટ સ્મારકોનો એક સમુહ છે. આ ગુફા સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનના જંગલોમાં આવેલી છે. કાન્હેરી નામ પ્રાકૃતમાં 'કાન્હાગિરી' પરથી ઉતરી આવ્યુ છે અને સાતવાહન શાસક વાશિષ્ઠપુત્ર પુલુમાવીના નાસિક શિલાલેખમાં તેનું વર્ણન છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **UNHRCમાં ચેક રિપબ્લિકે રશિયાનું સ્થાન લીધુ**

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ગુપ્ત મતદાનમાં યુનાઈટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ (UNHRC)માં રશિયાના સ્થાને ચેક રિપબ્લિકની પસંદગી કરી છે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં 157 દેશોએ ચેક રિપબ્લિકની તરફેણમાં મતદાન કર્યુ હતું. ચેક રિપબ્લિક 31 ડિસેમ્બર, 2023 સુધી UNHRC સીટ પર રહેશે. નોંધનીય છે કે યુક્રેનમાં માનવાધિકારના ઉલ્લંઘન માટે UNGA માં મતદાન દ્વારા રશિયાને UNHRCમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યુ હતું. બાદમાં રશિયાએ જાહેરાત કરી હતી કે તે મતદાન પહેલા જ UNHRCમાંથી ખસી ગયુ હતું. રશિયાને UNHRCમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યુ હોવા છતા તે UNHRC સત્રોમાં ભાગ લઈ શકે છે કારણ કે તેની પાસે નિરીક્ષકનો દરજ્જો છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➤ **સુશ્રી અન્ના કબાલે દુબાએ 'ગ્લોબલ નર્સિંગ એવોર્ડ 2022' જીત્યો**

દુબઈમાં આયોજિત એક એવોર્ડ સમારોહમાં કેન્યાના સુશ્રી અન્ના કાબેલે દુબાને એસ્ટર ગાર્ડિયન ગ્લોબલ નર્સિંગ એવોર્ડ 2022 એનાયત કરવામાં આવ્યો હતો. 24,000 નર્સોમાંથી 10 ને ટોપ 10 ફાઈનાલિસ્ટ તરીકે પસંદ કરવામાં આવી હતી. જેમાંથી 1 એ એવોર્ડ જીત્યો હતો. સુશ્રી અન્ના કબાલા દુબાએ નર્સિંગના અભ્યાસ દરમિયાન મિસ ટૂરિઝમ કેન્યા 2013નો ખિતાબ પણ જીત્યો હતો. તેમના દ્વારા તેમના ગામમાં કબાલે દુબા ફાઉન્ડેશન હેઠળ એક શાળા બનાવવામાં આવી છે. બાળકો સવારે અભ્યાસ કરી શકે અને પુખ્ત વયના લોકો બપોરે વાંચી શકે તે માટે આ શાળા બનાવવામાં આવી હતી. એસ્ટર ગાર્ડિયન્સ ગ્લોબલ નર્સિંગ એવોર્ડની સ્થાપના એસ્ટર ડીએમ હેલ્થકેર દ્વારા માનવતામાં નર્સોના અસાધારણ યોગદાનને માન્યતા આપવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી.

➤ **ફોર્બ્સે સૌથી વધુ કમાણી કરનાર ખેલાડીઓની યાદી જાહેર કરી**

તાજેતરમાં વિશ્વના સૌથી વધુ કમાણી કરનારા એથ્લેટ્સનું વાર્ષિક રેન્કિંગ બહાર પાડ્યુ છે. શ્રી લિયોનેલ મેસ્સી બીજી વખત આ યાદીમાં ટોચ પર રહ્યા છે તેમણે 1 મે, 2022 સુધીમાં છેલ્લા 12 મહિનામાં 130 મિલિયન અમેરિકન ડોલરની કમાણી કરી છે. બાસ્કેટબોલના ખેલાડી શ્રી લેબ્રોન જેમ્સ આ યાદીમાં બીજા ક્રમે છે. ત્યારબાદ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો આ યાદીમાં ત્રીજા સ્થાને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **G5- સાહેલ**

19 મે, 2022ના રોજ આફ્રિકા માટે સંયુક્ત રાષ્ટ્રના ટોચના રાજકીય અધિકારીએ માલીને 'સાહેલ પ્રાદેશિક આતંકવાદ વિરોધી દળ' (G5- Sahel અથવા G5S)માંથી ખસી જવાની માહિતી આપી હતી. આફ્રિકન યુનિયનના સૂચન અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સમર્થન પછી આ સંયુક્ત દળની રચના 16 ફેબ્રુઆરી, 2014ના રોજ નૌકચોટ, મોરિટાનિયામાં કરવામાં આવી હતી. જેને G5 સાહેલ નામ આપવામાં આવ્યુ હતું. તેમા સામેલ દેશોમાં બુર્કિના ફાસો, માલી, મોરિટાનિયા, નાઈઝર અને ચાડ છે. G5 સાહેલનો ઉદ્દેશ્ય આ પ્રદેશમાં આતંકવાદી જૂથો સાથે કામ કરવા માટે બહેતર સંકલન સ્થાપિત કરવાનો અને આર્થિક વિકાસ અને સુરક્ષા માટે સહકાર વધારવાનો છે. માલી પશ્ચિમ આફ્રિકામાં સહારા રણમાં ફેલાયેલો વિશાળ લેન્ડલોક દેશ છે. તે હાલમાં જેહાદી હુમલાઓ અને વંશીય હિંસા સામે લડી રહ્યુ છે.

## ICE ? Questions

➤ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા સ્થળેથી 'વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ'નો પ્રારંભ કરાવ્યો હતો ? – મહાત્મા મંદિર, ગાંધીનગર

➤ તાજેતરમાં 24મી નેશનલ વોલીબોલ ચેમ્પિયનશિપમાં કઈ રાજ્યની ટીમ વિજેતા બની છે ? – ગુજરાત

➤ તાજેતરમાં ...........મંત્રાલયે 'સેન્ટ્રલાઈઝ રાઈટ ઓફ વે (ROW) મંજૂરી માટે 'ગતિશક્તિ સંચાર' પોર્ટલ શરૂ કર્યુ છે. – સંચાર મંત્રાલય

➤ UNHRCમાં ...........દેશે રશિયાનું સ્થાન લીધુ છે. – ચેક રિપબ્લિક

➤ તાજેતરમાં કોણે 'ગ્લોબલ નર્સિંગ એવોર્ડ 2022' જીત્યો છે ? – સુશ્રી અન્ના કબાલે દુબા

➤ તાજેતરમાં આદિજાતિ બાબતોના મંત્રાલયે મહારાષ્ટ્રના ...........માં એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલના નિર્માણ માટે શિલાયન્સ કર્યો છે. – નાસિક

➤ ફોર્બ્સની યાદી અનુસાર વિશ્વમાં સૌથી વધુ કમાણી કરનાર ખેલાડી કોણ છે ? – શ્રી લિયોનેલ મેસ્સી

➤ તાજેતરમાં આફ્રિકા માટે સંયુક્ત રાષ્ટ્રના ટોચના રાજકીય અધિકારીએ ..........ને G5 સાહેલમાંથી ખસી જવાની માહિતી આપી હતી. – માલી

➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ કાન્હેરી ગુફા કયાં આવેલી છે ? – મુંબઈ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં કઈ સંસ્થાએ 'National Data and Analytics Platform' (NADP) લોન્ચ કર્યુ છે ?

– નીતિ આયોગ

2. ભારતના પ્રથમ 'અમૃત સરોવર'નું ઉદ્દ્ઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યુ છે ? – ઉત્તરપ્રદેશ

(કેન્દ્રીય લઘુમતી બાબતોના મંત્રી શ્રી મુખ્તર અબ્બાસ નકવીએ ઉત્તરપ્રદેશના રામપુરમાં દેશના પ્રથમ 'અમૃત સરોવર'નું ઉદ્દ્ઘાટન કર્યુ છે.)

3. વૈજ્ઞાનિકોએ તાજેતરમાં કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં 'મૈડટસોઈડે સાપ' (Madtsoiidae Snake)ના અશ્મિ શોધી કાઢ્યા છે ? – લદ્દાખ

4. 'ગ્રામીણ આદિજાતિ ટેકનિકલ તાલીમ' (Rural Tribal Technical Training) પ્રોજેક્ટનું ઉદ્દ્ઘાટન કયા સ્થળેથી કરવામાં આવ્યું હતું ? – ભોપાલ

5. કયા દિવસના રોજ સિક્કિમ રાજ્યનો સ્થાપના દિવસ ઉજવવામાં આવે છે ? – 16 મે

6. તાજેતરમાં કયા બે દેશે NATOમાં જોડાવા માટે રસ દાખવ્યો છે ? – ફિનલેન્ડ અને સ્વીડન

7. તાજેતરમાં ..............દેશ અલ સાલ્વાડોર પછી બિટકોઈનને કાનૂની ટેન્ડર તરીકે અપનાવનાર બીજો દેશ બન્યો છે. – સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક

8. તાજેતરમાં ...........ને વેટિકનમાં પોપ ફ્રાન્સિસ (કેથોલિક ચર્ચ) દ્વારા સંત તરીકે માન્યતા આપવામાં આવી છે.

– દેવસાહ્મ પિલ્લઈ

9. વર્ષ 2022માં આયોજિત પ્રથમ 'Incredible India International Cruise Conference' (IIICC)નું આયોજન સ્થળ કયું છે ? – મુંબઈ

10. તાજેતરમાં ચર્ચામાં રહેલું ચટગાંવ બંદર કયા દેશમાં આવેલું છે ? – બાંગ્લાદેશ

11. કઈ ટેનિસ ખેલાડીએ ઈટાલિયન ઓપન 2022માં મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો છે ? – ઈગા સ્વીટેક

12. 'ટેકનોલોજી પાયોનિયર્સ કોમ્યુનિટી' કઈ સંસ્થાની પહેલ છે ? – વર્લ્ડ ઈકોનોમિક ફોરમ

13. કયો દેશ XV વિશ્વ વાનિકી કોંગ્રેસ (World Forestly Congress)નું યજમાન છે ? – દક્ષિણ કોરિયા

14. વર્ષ 2021માં રેમિટન્સ માટે સૌથી વધુ પ્રાપ્ત કર્તા દેશ કયો હતો ? – ભારત

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**15.** 'ઈન્ડિયા ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (ITEC)' કયા મંત્રાલય સાથે સંબંધિત છે ? – વિદેશ મંત્રાલય

(ઈન્ડિયા ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન (ITEC) પ્રોગ્રામ એ વિદેશ મંત્રાલયની પહેલ છે, જેમાં ITEC સભ્ય દેશોના સહભાગીઓને તાલીમ આપવામાં આવે છે. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે જમૈકાની મુલાકાત લીધી હતી. ભારતે જમૈકા માટે ITEC સ્લોટ 30 થી વધારીને 60 કર્યો છે.)

**16.** તાજેતરના અહેવાલ મુજબ કયા દેશમાં વાયુ પ્રદુષણને કારણે સૌથી વધુ મૃત્યુ થયા છે ? – ભારત

(ધ લેંસેટ પ્લેનેટરી હેલ્થમાં પ્રકાશિત પ્રદૂષણ અને આરોગ્ય પરના તાજેતરના અહેવાલ મુજબ વર્ષ 2019માં ભારતમાં 16.7 લાખ મૃત્યુ માટે વાયુ પ્રદૂષણ જવાબદાર હતું. જે તે વર્ષમાં થયેલા તમામ મૃત્યુના 17.8% છે. કોઈપણ દેશમાં વાયુ પ્રદૂષણથી થતા મૃત્યુની આ સૌથી મોટી સંખ્યા છે.)

**17.** શ્રી હસન શેખ મોહમ્મદ કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ? – સોમાલિયા

**18.** કયું રાજ્ય 12મી હોકી ઈન્ડિયા 'સિનિયર વુમન્સ નેશનલ ચેમ્પિયનશિપ 2022'નું ચેમ્પિયન છે ? – ઓડિશા

**19.** તાજેતરમાં વર્ષ 2022માં બ્રિક્સ વિદેશી મંત્રીઓની બેઠકની અધ્યક્ષતા કયા દેશે કરી હતી ? – ચીન

**20.** બંધારણના કયા અનુચ્છેદ મુજબ સુપ્રીમ કોર્ટ શ્રી રાજીવ ગાંધી હત્યાકાંડના દોષી એ.જી. પેરારીવલનને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો ? – અનુચ્છેદ– 142

**21.** 'ગ્લોબલ ફૂડ સિક્યુરિટી–કોલ ટુ એક્શન' પર ઉચ્ચ મંત્રી સ્તરીય બેઠકની અધ્યક્ષતા કયા દેશે કરી હતી ?

– અમેરિકા

**22.** તાજેતરમાં યુએન વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ (WESP) રિપોર્ટ અનુસાર FY23માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલો છે ? – 6.0

**23.** પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંક એકાઉન્ટ (POSB) ખાતાધારકો માટે કઈ નવી સુવિધા શરૂ કરવામાં આવી છે ?

– NEFT, RTGS

**24.** રાષ્ટ્રીય લુપ્તપ્રાય પ્રજાતિ દિવસ મે મહિનાના કયા દિવસે ઉજવવામાં આવે છે ? – મે મહિનાનો ત્રીજો શુક્રવાર

**25.** સુશ્રી નિખત ઝરીન કઈ રમત સાથે સંકળાયેલ છે ? – બોક્સિંગ

(ભારતીય મહિલા બોક્સર સુશ્રી નિખત ઝરીને તાજેતરમાં 52 કિગ્રા કેટેગરીમાં વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો.)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

ICE®

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
| --- | --- |
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
| --- | --- |
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
| --- | --- |
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
| --- | --- |
| icerajkot | ICE® MAGIC WEEKLY CURRENT AFFAIRS Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ Social Media Icon પર Click કરો.